# શિરડી પાસે બસ ખાબકતાં ૩૨નાં મોત

સોલાપુર,તા.૧૬

હૈદરાબાદથી ધાર્મિક સ્થળ શિરડી તરફ જતી એક ટ્યુરીસ્ટ બસ પુલ પરથી નીચે ખાબકી જતા ઓછામાં ઓછા ૩૨ શ્રદ્ધાળુઓના કરૂણ મોત થયા છે. આ ઉપરાંત આ ગમખ્વાર અકસ્માતમાં આશરે ૧૫ જેટલા શ્રદ્ધાળુઓ ઘાયલ પણ થયા છે. આ ઘટના વહેલી પરોઢે ૨ વાગે બની હોવાના અહેવાલ મળ્યા છે. શ્રદ્ધાળુઓની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તિ રહી છે. પોલીસના જણાવ્યા મુજબ કાવેશ્વરી ટ્રાવેલ્સની આ બસ હૈદરાબાદથી અહેમદનગર જિલ્લા સ્થિત ધાર્મિક સ્થળ શિરડી તરફ જઈ રહી હતી. આ બસ જેવી જ મહારાષ્ટ્રના સોલાપુર બ્રીજ ઉપર પહોંચી હતી. ત્યારે બસના ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો અને આ બસ પુલ પરથી નીચે ખાબકી ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને ઉસ્માનાબાદ, સોલાપુર અને અન્ય નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવામાં




આવી રહી છે. આજે વહેલી પરોઢે મહારાષ્ટ્રના ઉસ્માનાબાદ જિલ્લામા આ બનાવ બન્યો હતો. તમામ શ્રદ્ધાળુઓ હૈદરાબાદથી હતા આ લોકો શિરડી સાંઈબાબા મંદિરમાં દર્શન કર્યા બાદ પરત ફરી રહ્યા હતા. બનાવ વહેલી પરોઢે ૨.૪૦ વાગે બન્યો હતો. ઈજાગ્રસ્તોને સોલાપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન કિરણકુમાર રેડ્ડીએ બનાવ અંગે દુખ વ્યક્ત કર્યું છે અને ઈજાગ્રસ્તોને પુરતી મદદ કરવા મુખ્ય સચિવ પંકજ દ્વિવેદીને આદેશ કર્યો છે. આંધ્ર પ્રદેશમાંથી મેડિકલ અને સરકારી અધિકારીઓની એક ટીમ ઈજાગ્રસ્તોને મદદ કરવા માટે રવાની થઈ ચુકી છે. મહારાષ્ટ્ર રાજ્યના અધિકારીઓ સાથે સંપર્ક કરવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્રના અધિકારીઓ મૃતકોની ઓળખવિધિમાં લાગી ગયા છે. દરમિયાન ભોગ બનેલા લોકોના પરિવારના સભ્યોમાં દુખનું મોજુ ફરી વળ્યું છે. પરિવારના સભ્યો ટ્રાવેલ્સ એજન્સીની ઓફિસ ઉપર પહોંચી ગયા હતા. આ બસ લકડી કા પુલ ખાતે દુર્ઘટના ગ્રસ્ત થઈ હોવાનું જાણવા મળ્યું છે.

## જાલોરમાં બસ-ટ્રક ટકરાતાં ૨૫ લોકોનાં મોત

જયપુર,તા.૧૬

રાજસ્થાનના જાલોર જિલ્લામાં એક ખાનગી બસ ટ્રક સાથે અથડાયા બાદ આગની જ્વાળામાં લપેટાઈ જતા ઓછામાં ઓછા ૨૫ લોકો બળીને ભડથુ થઈ ગયા છે. જ્યારે અન્ય ૬૧ લોકો ઘાયલ થયા છે. ટ્રકમાં ખૂબ જ વહેલીતકે સળગી જાય તેવી સામગ્રી ભરેલી હતી. આ બનાવ જિલ્લાના સાંચોર તહેસીલમાં સિવાન ગામમાં ૫.૩૦ વાગે બન્યો હતો. બસ ધોરીમાનાથી ડિસા તરફ જઈ રહી હતી. ટ્રક સાથે બસ અથડાઈ ગયા બાદ બનાવ બન્યો હતો. આ બસમાં બનાવ બન્યો ત્યારે ૯૦થી વધુ લોકો હોવાનું જાણવા મળ્યું છે. બસ અને ટ્રક અથડાઈ ગયા બાદ બસમાં આગ ફાટી નીકળી હતી. નજીકના ગામોમાંથી લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ અને રાહત કામગીરીમાં મદદ




કરી હતી. બનાવની જાણ થતા પોલીસ બચાવ ટીમ અને વહીવટી અધિકારીઓ પણ પહોચી ગયા હતા. માર્યા ગયેલાઓમાં ૧૩ પુરુષો, ૩ મહિલાઓનો સમાવેશ થાય છે. બે મૃતદેહોની ઓળખ થઈ રહી નથી. એવું જાણવા મળ્યું છે કે કેટલાક યાત્રીઓ આગ ફાટી નીકળી હતી ત્યારે બસમાં ફસાઈ ગયા હતા. જાલોરમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ આરકે સોનીએ કહ્યું છે કે એકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ વ્યક્તિને ગુજરાતના ડિસામાં શહેરમાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જાલોરમાં પોલીસ અધિકારી દિપકકુમારે કહ્યું છે કે કોઈની પણ ઓળખવિધિ થઈ નથી. બસ ડ્રાઈવરને યાત્રીની ઓળખ કરવા કહેવામાં આવ્યું છે. મૃતકોની ઓળકવિધિ કરવા પોલીસ ટીમ હવે ઈજાગ્રસ્તો સાથે પણ વાતચીત કરી રહી છે. બનાવથી થોડાક સમય સુધી જાલોરમાં ટ્રાફિક સેવા ઠપ થઈ ગઈ હતી.

## યૂપીએ સાથે છેડો ફાડવા કોઈ ઇરાદો નથી : મમતા


નવી દિલ્હી,તા.૧૬

રાષ્ટ્રપતિની ચૂંટણીના મામલે ટીએમસી અને કોંગ્રેસ વચ્ચેના સંબંધો દિન પ્રતિદિન વણસી રહ્યા છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ સાથે સંબંધો તોડવાની સ્થિતિમાં મમતા બેનર્જી દેખાઈ રહ્યા નથી. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રણવ મુખર્જીની ઉમેદવારીની સોનિયા ગાંધીએ જાહેરાત કર્યા બાદથી ટીએમસી અને કોંગ્રેસ વચ્ચેના સંબંધો વધુ ખરાબ થયા છે. આવી સ્થિતિમાં ડેમેજ કંટ્રોલ કવાયતના ભાગરૂપે હળવુ વલણ અપનાવીને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ કહ્યુ છે કે યૂપીએમાંથી બહાર નીકળી જવાનો કોઈ પ્રશ્ન નથી. રાષ્ટ્રપતિનીચૂંટણીનો મામલો અલગ છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ તેમના પક્ષની પ્રથમ પસંદગી છે. તૃણમુલ કોંગ્રેસ યૂપીએની સાથે છે. તે યૂપીએ સાથે છેડો ફડશે નહી. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં પક્ષના સાંસદ કુણાલ ઘોસે આમુજબની વાત કરી હતી. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે મમતા યૂપીએ સાથે છેડો ફાડવાના મૂડમાં નથી. મમતાથી મુલાયમ સિંહ દૂર થઈ જતાં હવે ટીએમસીને પણ વલણ બદલી લેવાની જરૂર પડી છે. કેન્દ્રનો ટેકો મમતા બેનર્જી ગુમાવવા માંગતા નથી. પશ્ચિમ બંગાળમાં નાણાકીય કટોકટી પ્રવર્તી રહી છે.ત્યારે કેન્દ્રને ટેકો ન મળે તે બાબતથી મમતા સાવધાન દેખાઈ રહ્યા છે. જો કે ટીએમસી અબ્દુલ કલામને ટેકો આપે છે. બીજી બાજુ કોંગ્રેસ પણ સાફ શબ્દોમાં કહ્યુ છે કે તેમની પ્રથમ પસંદગી પ્રણવ મુખર્જી છે. તૃણમુલ કોંગ્રેસને મનાવવાના પ્રયાસો પણ અંદરખાને ચાલી રહ્યાના અહેવાલો મળી રહ્યા છે.

## યુરો ઝોનમાં પ્રવર્તી રહેલી કટોકટીના કારણે વૈશ્વિક બજારોને માઠી અસર : મનમોહન સિંહ

નવી દિલ્હી,તા.૧૬

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે યુરો ઝોનમાં પ્રવર્તી રહેલી કટોકટીના કારણે વૈશ્વિક બજારોને માઠી અસર થશે. સાથે સાથે ભારતના આર્થિક વિકાસ ઉપર પણ તેની પ્રતિકૂળ અસર થઈ રહી છે. સિંહે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે વૈશ્વિક વિકાસને વધારવાની તાકીદની જરૂરિયાત છે. વિશ્વના નેતાઓને સાથે મળીને યુરો ઝોનમાં પ્રવર્તી રહેલી કટોકટીને દૂર કરવા પગલા લેવાની જરૂર છે. ૧૮મી જૂનના દિવસે લોસ કાબોસમાં શરૂ થઈ રહેલી વિકસિત અને વિકાસશીલ દેશોની જી-૨૦ દેશોની મીટિંગ અને બ્રાઝિલમાં રિયોપ્લસ ૨-શિખર બેઠકમાં ભાગ લેવા માટે રવાના થતા પહેલા મનમોહનસિંહે આ મુજબની વાત કરી હતી. શિખર બેઠકમાં હાજરી આપવા મેક્સિકો અને બ્રાઝિલ માટે રવાના થતા પહેલા સિંહે કહ્યુ હતુ કે વૈશ્વિક કટોકટી અને યુરો ઝોનની સમસ્યા તરફ તરત ધ્યાન આપવાની જરૂર છે. યુરો ઝોન સમસ્યા હજુ પણ વૈશ્વિક બજારને અસર કરશે. યુરો ઝોનમાં આર્થિક કટોકટીના છવાયેલા વાદળો વચ્ચે જી-૨૦ નેતાઓની મીટિંગ મળી રહી છે. વૈશ્વિક અર્થતંત્રમાં પ્રવાહી સ્થિતિ અંગે વાત કરતા સિંહે કહ્યુ હતુ કે યુરોપમાં સ્થિતિ ચિંતાજનક છે. યુરોપમાં ભારતમાં મોટા પાયે મૂડીરોકાણ અને કારોબાર ધરાવે છે. વિકાસને ટકાવી શકે તેવી નીતિ તરફ આગળ વધવાની જરૂર છે. વૈશ્વિક વિકાસને વધારવા સિંહે ભાર મુક્યો હતો. તેઓએ આશા વ્યક્ત કરી હતી કે યુરોપિયન નેતાઓ નાણાકીય સમસ્યાને દૂર કરવા અસરકારક પગલા લેશે. જી-૨૦ દેશોના નેતાઓ સ્થિતિમાં સુધાર થાય તે તરફ ધ્યાન આપે તે જરૂરી



છે. સિંહે ધ્યાન દોર્યુ હતુ કે બ્રીક્સ દેશો બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા જેવા દેશો વૈશ્વિક અર્થતંત્રના નવા વિકાસ સ્તંભ તરીકે ઉભરી રહ્યા છે. બ્રીક નેતાઓ આંતરરાષ્ટ્રીય નીતિ સંકલનની ખાતરી કરવા સક્ષમ છે. બ્રીકના વર્તમાન ચેરમેન તરીકે ભારત જી-૨૦ની શિખર બેઠક પહેલા બ્રીક નેતાઓની અનોપચારિક મીટિંગ યોજશે. રિયોમાં અર્થ સમિટમાં વડાપ્રધાન જુદા જુદા વિષય પર પ્રકાશ ફેંકશે જેમાં રિયો ૧૯૯૨ના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. તેમની યાત્રા દરમ્યાન મનોમહનસિંહે રશિયન પ્રમુખ વ્લાદીવીર પુતીન, જર્મન ચાન્સલર એંજેલા માર્કેલ, ફ્રાન્સના પ્રમુખ હોલાન્ડે, બ્રીટિશ વડાપ્રધાન ડેવિડ કેમરુન, કેનેડિયન વડાપ્રધાન સ્ટીફન હારફર, ચીની વડાપ્રધાન વેનજીઆબાઉ, શ્રીલંકન પ્રમુખ મહિન્દા રાજપક્ષે, નેપાળી વડાપ્રધાન ભટ્ટા રાય અને અન્યો સાથે પણ જુદી જુદી મીટિંગ યોજે તેવી શક્યતા છે.

## લિઉ યેંગ ચીનની પ્રથમ મહિલા અંતરિક્ષ યાત્રી

બેજિગ,તા. ૧૬

ચીને અંતરિક્ષમાં જઈ રહેલી પોતાની પ્રથમ મહિલા અંતરિક્ષ યાત્રીના નામની જાહેરાત કરી દીધી છે. ૩૩ વર્ષીય લિઉ યેંગ અંતરિક્ષમાં જઈ રહેલી પ્રથમ ચીની મહિલા બનવાનું સન્માન મેળવશે. ભાવિ અંતરિક્ષ યાત્રી માટે તેની પસંદગી મે ૨૦૧૦માં કરવામાં આવી હતી. લિઉ પ્રોફેશનની દ્રષ્ટિથી



એરફોર્સ પાયલોટ છે. શનજો-૯ યાન પોતાના મિશન પર રવાના થવાની તૈયારીમાં છે. લિઉની સાથે બે પુરૂષ સાથી પણ જઈ રહ્યા છે. આ યાન તિયાનગોંગ-૧ સ્પેસ સ્ટેશન પર ઉતરાણ કરશે. જ્યાં ચીન પરિભ્રમણ કક્ષામાં એક કાયમી સેન્ટર બનાવવાની યોજના ધરાવે છે. લિઉ યેંગે કહ્યું છે કે પહેલા દિવસથી જ તેને કહેવામાં આવી રહ્યું છે કે તે પુરૂષ અંતરિક્ષ યાત્રી કરતા અલગ નથી. લિઉ યેંગને ચીનમાં એક કુશળ અને સાહસી પાયલોટ તરીકે ગણવામાં આવે છે. શનજો-૯ ચીનના ચોથા અંતરિક્ષ મિશન તરીકે છે. જેમાં માનવીને મોકલાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આની શરૂઆત વર્ષ ૨૦૦૮માં થઈ હતી. ચીને ગયા વર્ષે માનવરહિત એક યાન મોકલીને વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. આ યાન રિમોટ કન્ટ્રોલથી સંચાલિત હતું.

## રાષ્ટ્રપતિ પદની દોડથી ખસી જવા માટે સાંગમાને ચેતવણી

નવી દિલ્હી,તા.૧૬

રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા પીએ સાંગમા જિદ્દી વલણ અપનાવી રહ્યા છે ત્યારે એનસીપીએ આજે ચેતવણી આપતા કહ્યુ હતુ કે સાંગમા રાષ્ટ્રપતિની ચૂંટણીમાથી ખસી જશે નહી તો તેમની સામે કઠોર પગલા લેવામા આવશે. એનસીપીએ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખર્જીને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે જેથી આવી સ્થિતિમાં સાંગમા મેદાનમા ઉતરે તે યોગ્ય નથી. એનસીપીએ રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી ખસી જવા સ્પષ્ટ શબ્દોમાં સાંગમાને ચેતવણી આપી દીધી છે. એનસીપીના નેતા અને કેન્દ્રીય પ્રધાન પ્રફુલ પટેલે માહિતી આપતા કહ્યુ હતુ કે સાંગમાને એનસીપીનો કોઈપણ ટેકો નથી. અમે ઈચ્છીએ છીએ કે સાંગમા રાષ્ટ્રપતિની ચૂંટણીમાથી ખસી જાય જો તેઓ ચૂંટણી



મેદાનમાથી ખસી જશે નહી તો તેમની સામે પગલા લેવામા આવશે. હજુ સુધી તેઓ પક્ષના આદેશને માની રહ્યા નથી. સાંગમા સામે કોઈ પગલા લેવાનો તેઓ સંકેત આપી રહ્યા છે તે અંગે પુછવામા આવતા પટેલે કહ્યુ હતુ કે તેઓ હાલ પગલાની વાત કરી રહ્યા નથી પરંતુ જો પક્ષના આદેશને પાળશે નહી તો તેમની સામે પગલા લેવામા આવશે. પટેલે કહ્યુ હતુ કે પક્ષ પ્રણવ મુખર્જીને ટેકો આપવા જાહેરાત કરી ચુકયો છે. સાંગમા હજુ પણ ચૂંટણી લડવા મક્કમ બનેલા છે. સાંગમાનુ કહેવુ છે કે તેઓને અન્ના દ્રમુખના નેતા અને તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા અને બીજેડીના વડા નવીન પટનાયકનો ટેકો મળ્યો છે. લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સાંગમા પહેલાથી જ કહી ચુક્યા છે કે તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મેદાનમાં છે. એક આદિવાસી ઉમેદવાર તરીકે મેદાનમાં છે. એનસીપીના ઉમેદવાર તરીકે મેદાનમાં નથી.

## સ્ટેમ સેલ મૃતદેહમાં કુલ ૧૭ દિવસ સુધી જીવીત રહી શકે


લંડન, તા.૧૬

તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ તબીબો અને વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે સ્ટેમ સેલ મૃતદેહમાં ૧૭ દિવસ સુધી જીવીત રહી શકે છે. માનવીમાં ૧૭ દિવસ સુધી અને ઉંદરોમાં ૧૬ દિવસ સુધી સ્ટેમ સેલ જીવીત રહી શકે છે. વૈજ્ઞાનિકોના આ દાવાથી એવી નવી આશા જાગી છે કે કોઈપણ અકસ્માત અથવા તો રોગના કારણે નુકસાન પામેલા શરીરના કોઈપણ હિસ્સાને પુનઃ સજીવન કરવામાં સફળતા મળી શકશે. જો કે હજુ નવા તારણો મામલે વધુ અભ્યાસની જરૂર પડશે. પેરિસમાં પેસ્ટોર ઈન્સ્ટીટ્યુટના વૈજ્ઞાનિક ફેબરીસના નેતૃત્વમાં સંશોધકોએ શોધી કાઢ્યું છે કે સ્ટેમ સેલ યોગ્ય રીતે કામ કરતા સ્નાયુના કોષમાં જુદી જુદી રીતે પોતાને ટકાવી રાખવામાં સફળ રહે છે. સ્ટેમ સેલ ઈન્ફેન્ટ સેલ છે જે શરીરના સ્પેશિયલાઈઝ ઈશ્યુમાં અથવા તો ખાસ પ્રકારના કોષમાં વિકસીત થાય છે. આ સંસ્થાએ જણાવ્યું છે કે પ્રતિકૂળ સંજોગોમાં બચી ગયેલા સ્નાયુ સ્ટેમ સેલ મામલામાં વધુ અભ્યાસ હાથ ધરવાની જરૂર છે. અભ્યાસના નવા તારણો ખૂબ જ આશાસ્પદ છે પરંતુ વધુ ટેસ્ટીંગની જરૂર ઊભી થઈ છે. માનવીમાં આના ટેસ્ટ કરતા પહેલા ઉંદરો અને અન્ય જીવજંતુઓમાં આના ટેસ્ટ કરવામાં આવશે. સંશોધનના પરિણામ જર્નલ નેચર કોમ્યુનિકેશનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનું કાઉન્ટડાઉન શરૂ

નવી દિલ્હી,તા.૧૬

ચૂંટણીપંચે ૧૯મી જુલાઈના દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જાહેરનામું આજે વિધિવત રીતે જારી કરી દીધું હતું. આની સાથે જ




રાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. યુપીએ દ્વારા શુક્રવારના દિવસો દિવસભર રાજકીય ડ્રામા બાદ તેના ઉમેદવાર તરીકે પ્રણવ મુખરજીના નામની જાહેરાત કરી હતી. સર્વસંમતિ ઉમેદવારની પસંદગીની કવાયત ચાલી રહી છે. જાહેરનામું જારી થયાની સાથે જ રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણીપંચે મંગળવારના દિવસે રાષ્ટ્રપતિ ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર કર્યો હતો. રાષ્ટ્રીય પાર્ટનગરમાં સીઈસી વી એસ સંપથે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. જાહેરનામુ જાહેર થવાની સાથે જ ઉમેદવારી દાખલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

ઉમેદવારી ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જૂન રાખવામાં આવી છે જ્યારે ચકાસણીની પ્રક્રિયા ૨જી જુલાઈના દિવસે યોજાશે. નામ પરત ખેંચી લેવાની તારીખ ૪થી જુલાઈ રાખવામાં આવી છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતગણતરી ૨૨મી જુલાઈના દિવસે હાથ ધરાશે. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલની અવધી ૨૪મી જુલાઈના દિવસે પૂરી થનાર છે. છેલ્લી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જાહેરનામું ૧૩મી જૂનના દિવસે જારી કરાયું હતું.

## બિહારમાં રહસ્યમય રોગથી વધુ ૯નાં મોત : મૃતાંક ૧૫૯

પટણા,તા.૧૬

બિહારના જુદા જુદા જિલ્લાઓમાં રહસ્યમય રોગ (એઈએસ)ના કારણે વધુ નવ બાળકોના મોત થયા છે. આની સાથે જ રાજ્યમાં આ રોગથી છેલ્લા ત્રણ સપ્તાહમાં ૧૫૯ના મોત થઈ ચુક્યા છે. તબીબી નિષ્ણાંતો માને છે કે આ રોગ મગજના સોજા સાથએ સંબંધિત છે. આરોગને રોકવામાં તંત્રને હજુ સુધી સફળતા હાથ લાગી નથી. સત્તાવર સૂત્રોએ કહ્યુ છે કે નવેસરથી એઈએસ કેસો ૧૦ ઓળખી કાઢવામા આવેલા જિલ્લાઓમાં નોંધાયા છે. અહીં જુદા જુદા કેસો ફેલાઈ ગયા છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે બિહારમાં વધુ નવના મોત સાથે મૃતાંક વધીને



૧૫૯ ઉપર પહોંચ્યો છે. એડીશનલ સેક્રેટરી (આરોગ્ય) આરપી ઓઝાએ માહિતી આપતા કહ્યુ છે કે એઈએસ લક્ષણો સાથે સોધાયેલા બાળકોની સંખ્યા ૪૦૯ નોંધાઈ છે જે પૈકી ૧૫૯ બાળકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે અન્ય ૮૨ને રાજ્યની જુદી જુદી હોસ્પિટલોમાં દાખલ કરવામા આવ્યા છે. બાકીના બાળકોને હોસ્પિટલમાંથી રજા આપી દેવામા આવી છે. આરોગ્ય અધિકારની જણાવ્યા મુજબ બિહારમાં ગયા, મુજ્જફરપુર, અને પટણા જિલ્લામાં રોગનો આંતક છે. આરોગ્ય અધિકારની જણાવ્યા મુજબ મુજ્જફરપુર જિલ્લામાં સૌથી વધુ ૧૦૦ બાળકોના મોત થયા છે. મોટાભાગના બાળકોના મોત શ્રીકૃષ્ણ મેમોરિયલ કોલેજમાં થયા છે. જ્યારે પટણા મેડીકલ કોલેજ હોસ્પિટલમાં ૪૭ બાળકોના મોત થયા છે. નવી દિલ્હીથી એક ટીમ લક્ષણો જાણવા પહોંચી ગઈ છે.

## પેસ અને મહેશ ભુપતિ વચ્ચે મતભેદો વધારે ગંભીર બન્યા

બેંગલોર, તા.૧૬

ભારતના બે સ્ટાર ટેનિસ ખેલાડી લિયાન્ડર પેસ અને મહેશ ભુપતિ વચ્ચે તિરાડ દિનપ્રતિદિન વધી રહી છે. મહેશ ભુપતિએ આક્રમક વલણ અપનાવીને સાફ શબ્દોમાં કહ્યું છે કે તે વિશ્વાસઘાતી લિયાન્ડર પેસની સાથે ઓલમ્પિકમાં જશે નહીં. તેની આ વાતથી આયોજકો પણ હચમચી ઉઠ્યા છે. જો કે આયોજકોએ બંનેને માનવાનો પ્રયાસો જારી રાખ્યા છે. ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસીએશન દ્વારા લંડન ઓલમ્પિક માટે પેસ અને ભુપતિની ડબલ્સ ટીમ માટે પસંદગી કરી છે. આ દરમિયાન મહેશ ભુપતિએ એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે તે પીઠમાં ઘા કરનાર પેસ સાથે જોડી બનાવવા વિચારણા પણ કરી શકે નહી. હકિકતમાં ભુપતિ આગામી મહિને યોજાનારા મહાકુંભમાં રોહન બોપન્નાની સાથે જોડી બનાવવા ઈચ્છતો હતો. પરંતુ ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસીએશને તેની માંગણી ફગાવી દિધી છે. આનાથી બોપન્નાના ઓલમ્પિકની દોડમાંથી બહાર થઈ



ગયો છે. ઓલમ્પિકમાં એક દેશની બે જોડીને મોકલવાનો અધિકાર છે. પરંતુ ભુપતિ અને બોપન્નાના બંનેના પેસની સાથે જોડી બનાવવાનો ઈન્કાર કરાયા બાદ આયોજકો પરેશન થયેલા છે. હવે ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસીએશને કહ્યું છે કે તે માત્ર એક જ ટીમ મોકલશે. ભુપતિ પેસ સાથે રમવા તૈયાર નથી ત્યારે આ જોડી કેમ બનાવવામાં આવી છે તે અંગે પુછવામાં આવતા ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશનના જનરલ સેક્રેટરી અનિલ ખન્નાએ કહ્યું હતું કે આ બંને ખેલાડી ચાર વખત ઓલમ્પિકમાં એક સાથે રમી ચૂક્યા છે. મતભેદ હોવા છતા ભારત તરફથી રમતા રહ્યા છે. જેથી આશા છે કે લંડન ઓલમ્પિકમાં પણ એકસાથે રમશે. બંને ખેલાડીઓને સરકાર તરફથી છ હજાર ડોલર મહિને મળે છે. જેથી સાથે રમવાથી ઈનકાર કરી શકે નહીં.

## ઉત્તર પ્રદેશમાં માત્ર એક પખવાડિયમાં ૮૮નાં મોત

લખનૌ,તા.૧૬

ઉત્તાર પ્રદેશ સરકારે રહમસ્યમ રોગને કાબૂમાં લેવા તમામ પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. છેલ્લા પખવાડિયામા મગજના સોજા સાથે સંબંધિત આ રોગથી ૮૮ લોકોના મોત થઈ ચુક્યા છે. રાજ્યમાં દર વર્ષે આ રોગનો આંતક જોવા મળે છે. આમા મોટાભાગે બાળકો વધુ શિકાર થાય છે. આરોગ્ય વિભાગના અધિકારિયોં સાવચેતીના પગલા લીધા હોવા છતા રોગચાળાને કાબૂમાં લેવામા સફળતા હાથ લાગી નથી. દરવર્ષે જુલાઈ મહિનમાં આ રોગ સપાટી ઉપર આવે છે. દસમી જૂન સુધી એઈએસના ૪૬૭ કેસ નોંધાઈ ચુક્યા છે. રાજ્યના જુદા જુદા વિસ્તારો આના સંકજામાં છે સૌથી વધુ મોત ગોરખપુર જિલ્લામાં થયા છે. કુસીનગર, બીઓરિયા, અને મહારાજગંજમાં પણ મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે.

## ચાંદીની કિંમતમાં વધુ ૨૦૦ રૂપિયાનો મોટો ઘટાડો થયો

મુંબઈ,તા.૧૬

દેશના મુંબઈ, અમદાવાદ, અને દિલ્હાના બુલિયન બજારમાં જુદી જુદી સ્થિતિ જોવા મળી હતી. એક બાજુ અમદાવાદ બુલિયન બજારમાં સોનાની કિંમતમાં કોઈ ફેરફાર થયો ન હતો. જ્યારે મુંબઈના બુલિયન બજારમાં સોનાની કિંમતમાં નજીવો સુધારો થયો હતો. રાષ્ટ્રીય પાટગનર દિલ્હીમાં સોનાની કિંમતમાં આંશિક ઘટોડ જોવા મળ્યો હતો. ટુંકમાં બુલિયન બજારમાં આજે સ્થિર સ્થિતિ રહી ન હતી. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ ચાંદીની કિંમતમાં આજે ૨૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ ગઈકાલની સરખામણીમાં ચાદીની કિંમત ૫૪૦૦૦ અને ૫૪૩૦૦ વચ્ચે રહી હતી. ગઈકાલે ચાંદીનો ભાવ ૫૪૨૦૦થી ૫૪૫૦૦ નોંધાયો હતો. આવી જ રીતે સોનાની કિંમત આજે પણ કોઈ ફેરફાર થયો ન હોવા છતાં ૩૦૩૨૦થી ઉપર રહી હતી. સોનાની કિંમત ૩૦૩૨૫થી ૩૦૩૭૫ નોંધાઈ હતી. બીજી બાજુ મુંબઈ બુલિયન બજારમાં સોનામાં રેકોર્ડ બ્રેકિંગ તેજી જારી રહી છે. સ્ટોકીસ્ટ અને રીટેલ મૂડીરોકાણકારો તરફથી સતત લેવાલી જારી રહેવાના કારણે સોનાની કિંમતમાં ઉછાળો નોંધાયો હતો. શુક્રવારના બંધ આંકની સામે સોનામાં નજીવો વધારો થયો હતો જેથી સોનાની કિંમત ૩૦૦૩૫ સુધી પહોંચી હતી. જેથી ચાંદીની કિંમતમાં મુંબઈ બુલિયન બજારમાં ઘટાડો નોંધાતા ૫૫૧૫૫ની સપાટીએ રહી હતી. વૈશ્વિક મોરચે સોનામાં નવેસરથી આશા જાગી છે. નબળા અમેરિકી આર્થિક આંકડા વચ્ચે આ સ્થિતિ રહી છે. ગ્રીસમાં આવતીકાલે યોજાનારી ચૂંટણી પહેલા ઉત્સુકતા વધી ગઈ છે. બીજી બાજુ નવી દિલ્હીમાં બુલિયન બજારમાં છેલ્લા છ સત્રથી ચાલી રહેલી તેજી પર બ્રેક મુકાઈ હતી, ઘટાડો નોંધાયો હતો. ઈન્ડસ્ટ્રીયલ યુનિટો દ્વારા નવેસરથી લેવાલીના લીધે ચાંદીની કિંમતમાં આંશિક સુધારો થયો હતો. છેલ્લા છ દિવસમાં સોનાની કિંમતમાં એક હજારથી વધુનો વધારો દિલ્હી બુલિયન બજારમાં થઈ ચુક્યો છે. મળેલી માહિતી મુજબ સોના અને ચાંદીના બજારમાં આગામી દિવસોમાં પણ પ્રવાહી સ્થિતિ રહેશે.